તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૪ | ૫ મે, ૨૦૧૬, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાયત્રી પરિવારના વડા ડૉ. પ્રણવ પંડ્યા રાજ્યસભામાં નિમાયા

નવી દિલ્હી, તા. ૪

ગાયત્રી પરિવારના અખિલ વિશ્વ વડા ડૉ. પ્રવણ પંડ્યાની રાજ્યસભાના સભ્ય પદે રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નિમણુંક કરી છે.

ડૉ. પ્રવણ પંડ્યા ગાયત્રી પરિવારની અખંડ જ્યોતિના સંપાદક સાથે સાથે દેવ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ પણ છે. પંડિત શ્રી રામ શર્મા આચાર્યના નિકટના સાથી ડૉ. પંડ્યાએ વિશ્વના ૮૦ દેશોમાં ગાયત્રી પરિવારની શાખાઓ શરૂ કરી ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કર્યો છે. ૧૯૭૫માં મેડિસીનમાં એમ.ડી.ની ડીગ્રી પ્રાપ્ત કર્યા બાદ જીવન ગાયત્રી પરિવારને સમર્પિત કર્યું હતું. ડૉ. પંડ્યા ભેલ સાથે પણ જોડાયેલા છે.

આ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ માટે પર્સનાલિટી ડેવલપમેન્ટ અને નૈતિક શિક્ષણની ટ્રેનીંગના વરિષ્ઠ ટ્રેનર પણ છે.

દિલ્હીમાં ત્રાસવાદી મોડ્યુઅલનો પર્દાફાશ

૧૨ની ધરપકડ કરાઈ : દિલ્હી અને અન્ય ક્ષેત્રોમાં હુમલા કરવાની યોજના નિષ્ફળ બની : જૈશે મોહમ્મદના ૧૨ શકમંદો પૈકી આઠ દિલ્હીમાંથી અને ચાર દેવબંધમાંથી ઝડપાયા : ઝડપાયેલા આતંકવાદીઓ પાસેથી મોતનો મસાલો કબજે કરાયો

નવી દિલ્હી,તા. ૪

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી સહિત દેશના જુદાજુદા ભાગોમાં હુમલા કરવાની ખતરનાક યોજનાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. દિલ્હીમાં જેશના ખતરનાક મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યા બાદ ૧૨ ત્રાસવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કેટલાક સમયથી નેટવર્ક સક્રિય હતુ. સુત્રોએ કહ્યુ છે કે જેશે મોહમ્મદના શકમંદો પૈકી આઠની દિલ્હીમાંથી ધરપકડ કરવામાં આવી છે. જ્યારે ચારની ધરપકડ દેવબંદમાંથી કરવામાં આવી છે.

બોમ્બ બનાવતી સામગ્રી અને આઈઈડી સાધનો જપ્ત કરવામાં આવ્યા છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યુ છે કે ઝડપાયેલા ત્રાસવાદીઓની પુછપરછ ચાલી રહી છે.

ઝડપાયેલા ત્રાસવાદીઓની ઓળક અને નામ હજુ સુધી તપાસના ભાગરૂપે જાહેર કરવામાં આવ્યા નથી. દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક દરોડા પાડવામાં આવ્યા બાદ આ સફળતા મળી છે. પ્રાથમિક અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે સંભિવત ત્રાસવાદી કાવતરા અંગે ઈન્ટેલિજન્સ તરફથી બાતમી મળ્યા બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. આજે સવારે શરૂ કરવામાં આવેલી દરોડાની કાર્યવાહીમાં દિલ્હી પોલીસની આશરે ૧૨ ટીમો સામેલ હતી. રાષ્ટ્રીય પાટનગરમાં મોટા પાયે હુમલા કરવાની યોજના હોવાની પ્રાથમિક વિગત સપાટી પર આવી છે.

મારી પરના આક્ષેપો પુરવાર થશે તો જાહેર જીવન છોડી દઈશ : અહેમદ પટેલ

નવી દિલ્હી,તા. ૪

ઓગસ્ટા વેસ્ટલેન્ડ મામલે રાજ્ય સભામાં ચર્ચા દરમિયાન કોંગ્રેસ પ્રમુખના રાજકીય સલાહકાર શ્રી અહેમદ પટેલે પડકાર આપતાં જણાવ્યું હતું કે, મારી પરના આક્ષેપો જો પુરવાર થશે તો હું જાહેર જીવન છોડી દઈશ. ભાજપ દ્વારા ઉભા કરાયેલા આક્ષેપો પાયા વિનાના છે.

ચર્ચા શરૂ થતાંની સાથે કોંગ્રેસના સાંસદોએ હોબાળો મચાવ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ૨૫૦૮ શહેરોની પસંદગી

યોજના હેઠળ બે કરોડથી વધુ મકાન બનાવાશે : ૨૬ રાજ્યોના શહેરોની પસંદગી : વેંકૈયા : યોજના ૨૦૨૨માં પરિપૂર્ણ

નવીદિલ્હી,તા. ૪

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૨૬ રાજ્યોના કુલ ૨૫૦૮ શહેરોની પસંદગી કરવામાં આવી છે જ્યાં નવા મકાન બનાવવામાં આવનાર છે. યોજના હેઠળ સમગ્ર દેશમાં બે કરોડથી વધારે મકાન બનાવવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૫માં શરૂ કરવામાં આવેલી આ યોજના ૨૦૨૨ સુધી પૂર્ણ કરવામાં આવશે. શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુ દ્વારા આ મુજબની માહિતી આજે આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે શહેરી ગરીબોને સસ્તા ભાવ ઉપર આવાસ ઉપલબ્ધ કરાવવાની કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના રહેલી છે. શહેરી વિકાસ પ્રધાન વેંકૈયા નાયડુએ પ્રશ્નકલાક દરમિયાન કહ્યું હતું કે, ૨૫મી એપ્રિલ ૨૦૧૬ સુધી ૨૬ રાજ્યોના ૨૫૦૮ શહેરની પસંદગી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કરવામાં આવી છે. ગરીબો માટે આવાસ આ યોજના હેઠળ બનાવવામાં આવનાર છે. તેમણે ઉમેર્યું હતું કે, યોજનાના દિશાનિર્દેશ હેઠળ પીએમએવાયયુ મિશનની ડિઝાઈનિંગ અને કન્સ્ટ્રક્શન ઉપર ખાસ ધ્યાન અપાશે. ભૂકંપ, પુર, ભેખડો ધસી પડવાના બનાવ જેવી સ્થિતિમાં આ મકાન સુરક્ષિત રહે તેની ખાતરી કરવામાં આવશે. નેશનલ બિલ્ડિંગ કોડ અને બીજા કોડ્સ મુજબ જોગવાઈ કરવામાં આવશે. યોજના હેઠળ સમગ્ર દેશમાં બે કરોડથી વધારે મકાન બનાવવામાં આવનાર છે. આ યોજનાને ૨૦૨૨ સુધી પરિપૂર્ણ કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજનાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે જેના ભાગરુપે મોદીની આ સ્કીમ હેઠળ ૨૫૦૮ શહેરોની પસંદગી પણ થઈ ચુકી છે.

FRIENDS STEEL
No.1 STEEL SINCE 1998
IS : 1786
BUY ONLY FRIENDS 500 HD REBAR
Because ....
✓ Earthquake Resistant
✓ Superior Strength
✓ Higher Corrosion Resistance, increases the life of Building
✓ Better Bonding with Cement
✓ Excellent Weldability
✓ Excellent Chemical Composition
✓ Higher Thermal Resistance
Ordinary Fe 500 — Strength ↑ Ductility ↓
Friends 500 HD Rebars — Strength ↑ Ductility ↑
Super Strength + High Ductility
Approved in Government Departments
• TMT BARS (8 MM TO 32 MM)
• FRIENDS FAST-STEEL (CUT & BEND)
• BINDING WIRE
FRIENDS STEEL
ज़माने के लिए, ज़माने के साथ।
FRIENDS 500 HD
Kailash Traders, Gandhinagar - 9824261225 / 9998473200

કચ્છના ૫૮ અને બનાસકાંઠાના બાવન ગામો અછતગ્રસ્ત જાહેર

૭૬૧ ગામોમાં ટેન્કર દ્વારા પાણી પુરવઠો પુરો પડાઈ રહ્યો છે : કલેક્ટર તરફથી મળેલી દરખાસ્ત ઉપર વિચારણા કરીને ગામોને અછતગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય

ગાંધીનગર, તા.૪

રાજયમાં સર્જાયેલી પાણીની ગંભીર સમસ્યા તથા દુષ્કાળની સ્થિતિને પગલે રાજય સરકારે આજે કચ્છ જિલ્લાના ૫૮ તથા બનાસકાંઠા જિલ્લાના ૫૨ ગામોને અછતગ્રસ્ત જાહેર કરવાનો નિર્ણય લીધો થશે. મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને આજે મળેલી અછત અંગેની કેબીનેટના પેટા સમિતિની બેઠકમાં અર્ધઅછતગ્રસ્ત જાહેર કરેલ ગામો સિવાય અન્ય ગામોમાં પીવાના પાણી અને ઘાસની જરૂરીયાત બાબતે વિસ્તૃત ચર્ચા કરીને સમિતિમાં કચ્છ જિલ્લાનાં ભૂજ, નખત્રાણા અને અંજાર તાલુકાના ૫૮ ગામો તથા બનાસકાઠા જિલ્લાનાં વાવ, થરાદ ઓઅને સૂઈ ગામ તાલુકાના ૫૨ ગામો માટે કલેકટરઓ તરફથી મળેલ દરખાસ્ત ઉપર વિચારણા કરીને આ ગામોને અસરગ્રસ્ત જાહેર કરવા માટે નિર્ણય લેવામાં આવ્યો. આ ઉપરાંત રાજ્યમાં પીવાના પાણીની પરિસ્થિતિની ચર્ચા થતાં હાલ રાજ્યમાં ૪૪૮ ટેન્કર અને ૧૯૮૮ જેટલી ટ્રીપ્સ કરીને ૩૬૪ ગામ અને ૩૯૭ પરાઓ મળી કુલ ૭૬૧ ગામ અને વસાહતોમાં ટેન્કર ધ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે.

પીવાના પાણીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે છેલ્લા અઠવાડિયામાં યુધ્ધના ધોરણે પાણી પુરવઠા વિભાગ તરફથી કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત રાજયમાં પાંચ જિલ્લામાં અસરગ્રસ્ત વિસ્તારનાં ગામોમાં અસરગ્રસ્ત ઈસમોને ઘાસ કાર્ડ આપી ઘાસનું વિતરણ શરૂ કરવામાં આવેલ છે. આ માટે ૯૧ જેટલા ઘાસડેપો ખોલવામાં આવેલ છે અને ઘાસનો પુરતો જથ્થો આપવામાં આવી રહી છે.

જામીન મુદ્દે હાર્દિકની ખાતરી સામે વાંધો ઉઠાવાતા ગૂંચવણ

હાર્દિકના મિત્રોને જામીન મળ્યા છે ત્યારે હાર્દિકને જામીન ન મળતા પ્રશ્નો ઉઠાવાયા : મામલો દુવિધાભરી સ્થિતિમાં

અમદાવાદ, તા.૪

હાર્દિક પટેલને હાલ રાહત મળે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે, હાર્દિક પટેલની જામીન અરજી ઉપર આજે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી ત્યારે સરકારી વકીલે હાર્દિકની બાંહેધરી સરકારને મંજુર નહીં હોવાનું કહીને જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

આ મામલામાં વધુ સુનાવણી હવે આવતીકાલે હાથ ધરવામાં આવનાર છે. હાર્દિકને રાજદ્રોહના કેસમાં જામીનને લઈને હવે આશા જાગી છે ત્યારે સરકારી વકીલે વાંધો ઉઠાવતા નવી ગૂંચ સર્જાઈ ગઈ છે.

સરકારે હાર્દિકની બાંહેધરી ભગાવતા હાર્દિકના વકીલ ઝુબીન ભરડાએ રજુઆત કરી હતી કે, હાર્દિકને જામીન મળવા જોઈએ. હાર્દિક સાથેના જ ત્રણ પાટીદારને અમદાવાદના અને સુરતના કેસમાં બે પાટીદારોને જામીન અપાયા છે. ત્યારે હાર્દિકને પણ જામીન મળવા જોઈએ. બંને પક્ષોની દલીલો દરમિયાન પાંચ વાગી જતા કોર્ટે કેસની સુનાવણી આવતીકાલ પર મુલતવી રાખી હતી.

ભાડે આપવાનું છે
3 BHK ફ્લેટ,
સુયશ સ્ટેટસ,
સીટી પલ્સ થિયેટરની
પાછળ, કુડાસણ,
ગાંધીનગર-અમદાવાદ હાઈવે
સંપર્ક : વિજયભાઈ દેસાઈ
મો. : ૯૩૨૭૪ ૪૩૮૨૫

PARAG MILK FOODS LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Red Herring Prospectus dated April 21, 2016 **("RHP")** with the Registrar of Companies, Maharashtra at Pune on April 22, 2016. The RHP is available on the websites of SEBI at www.sebi.gov.in, the Book Running Lead Managers at www.investmentbank.kotak.com, www.jmfl.com, www.idfccapital.com and www.motilaloswalgroup.com, and the websites of the stock exchanges. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see "Risk Factors" beginning on page 16 of the RHP. Potential investors should not rely on the DRHP filed with the SEBI for making any investment decision. The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") and may not be offered or sold within the United States (as defined in Regulation S of the U.S. Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) to "qualified institutional buyers" (as defined in Rule 144A ("Rule 144A") under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a)(2) of the U.S. Securities Act.